RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 175, Dt.08-10-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હરિયાણામાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક

## જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ ગઠબંધને મેદાન માર્યું: ૯૦ બેઠકોની હરિયાણા વિધાનસભામાં ભાજપ૫-૪૯, કોંગ્રેસ ૩૭ બેઠકો પર આગળ: જમ્મુ કાશ્મીરમાં ખીણ વિસ્તારે ભાજપને સાથ ન આપ્યો

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

દેશમાં લોકસભા ચૂંટણી બાદ ફરી એક વખત સર્જાયેલા ચૂંટણીના માહોલમાં હરિયાણા અને જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં આજે મત ગણતરી સાથે એક તરફ જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના જોડાણએ ૯૦ બેઠકોની વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી સાથે પ૨ બેઠકો લીડ મેળવી લીધી છે. જ્યારે ભાજપ ૨૫ બેઠકો પર આગળ છે.એક સમયે કિંગ મેકર બનવાની તૈયારી રાખનાર પીડીપીને ૩ જ બેઠક મળે છે જ્યારે અન્યને ૯ બેઠકો પર સરસાઈ છે. બીજી તરફ હરિયાણામાં આજે મતગતણતરીના પ્રારંભે કોંગ્રેસે એક તબકકે ૭૦ બેઠકો પર સરસાઈ મેળવી લીધા બાદ અચાનક જ પાસુ પલ્ટાયું હતું અને ભાજપે એકદમ ઝડપથી કોંગ્રેસની સરસાઈ કાપતા છેલ્લા સમાચાર મળ્યા મુજબ ૪૯ બેઠકો પર લીડ મેળવી છે.

જ્યારે કોંગ્રેસ કે જે હરિયાણામાં સત્તા હાથવેંતમાં છે તેવું સમજીને ચંદીગઢમાં કોંગ્રેસના કાર્યાલય પર ફટાકડા પણ ફુટવા લાગ્યા હતા ત્યાં અચાનક જ તેણે જીતેલી બાજી ગુમાવવી હોય તેવો માહોલ બની



ગયો હતો અને છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કોંગ્રેસ ૩૬ બેઠકો પર આગળ છે આમ ૯૦ બેઠકોની વિધાનસભામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. આમ હરિયાણામાં ભાજપ હેટ્રીક સાથે સત્તા પર આવશે આ આજના પરિણામો અનેક ઉલ્ટા-પુલ્ટા જેવી સ્થિતિ છે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની એક તબકકે પાછળ રહી ગયા બાદ ફરી આગળ થઈ ગયા છે. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા પણ પ્રારંભમાં આગળ રહ્યા બાદ ફરી એક વખત પાછળ થઈ ગયા હતા અને છેલ્લે સરસાઈ બનાવી લીધી હોય તેવા સંકેત છે. હરિયાણામાં ઓલિમ્પકથી સેલીબ્રીટી બનેલા કોંગ્રેસના ઉમેદવાર વિનેશ ફોગટ પાછળ ચાલી રહ્યા છે. કાશ્મીરમાં પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ બંને બેઠકો જીતી લીધી છે.

## છઠ્ઠું નોરતું:ઋષિ કાત્યાયને દેવીની પ્રથમ પૂજા કરી, તેથી નામ પડ્યું કાત્યાયની; દેવીને આજે મધ અર્પણ કરો



નવરાત્રિના છઠ્ઠા દિવસે આજે (મંગળવાર, ૮ ઓક્ટોબર) દેવી કાત્યાયનીની પૂજા કરો. મનવાંછિત જીવનસાથી મેળવવાની ઈચ્છા સાથે પણ કાત્યાયનીની પૂજા કરવામાં આવે છે. દ્વાપર યુગમાં, ગોકુલ-વૃંદાવનની ગોપીઓએ શ્રીકૃષ્ણને તેમના પતિ તરીકે મેળવવા માટે દેવીના આ સ્વરૂપની પૂજા કરી હતી. દેવી લાલ, લીલા અને પીળા વસ્ત્રોમાં દેખાય છે, તેથી તેમની પૂજામાં લાલ, પીળા અથવા લીલા વસ્ત્રો પહેરો અને મધ અર્પણ કરો. સવારે સ્નાન કર્યા પછી, દેવીની પૂજા કરવાનો સંકલ્પ લો અને ઘરના મંદિરમાં વ્રત રાખો. પૂજા કરો અને દિવસભર ઉપવાસ રાખો. દેવી મંત્રોનો જાપ કરો. સાંજે ફરીથી દેવીની પૂજા કર્યા પછી ઉપવાસ તોડો. આપણા શરીરમાં સપ્ત (સાત) ચક્રો છે, આ સાત ચક્રોમાંથી દેવી કાત્યાયની આજ્ઞા ચક્રમાં રહે છે. દેવીનું ધ્યાન કરવાથી આજ્ઞા ચક્ર જાગૃત થાય છે..

## હરિયાણા- જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં મોદી કરતા રાહુલે વધુ પ્રચાર કર્યો હતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો આ લખાય છે ત્યારે જાહેર થઈ રહ્યા છે જેમાં હરિયાણામાં છેલ્લી ઘડીએ ઉલટફેર થતા ભાજપનો વિજયરથ વીનમાં આવી ગયો અને જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસ-એનસીએ મેદાન માર્યુ.

હાલના ચૂંટણી પરિણામો વચ્ચે એ જાણવું રસપ્રદ બની રહેશે કે ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક પીએમ મોદી અને રાહુલ ગાંધીએ બંને રાજયોમાં કેટલો પ્રચાર કર્યો જેમાં પીએમ મોદી કરતા રાહુલ ગાંધીએ વધુ પ્રચાર કર્યો છે. જેમાં હરિયાણામાં મોદીને અને જમ્મુ-કાશ્મીરમાં રાહુલ ગાંધીને પ્રચાર ફળ્યો છે.





૧૬ ઓગષ્ટે ચૂંટણી પંચે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી-૨૦૨૪નું એલાન કર્યુ હતું. ત્યારબાદ પીએમ મોદીએ બંને રાજયોમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કુલ આઠ ચૂંટણી કાર્યક્રમો કર્યા હતા જ્યારે કોંગ્રેસના નતેતા રાહુલ ગાંધીએ પીએમ મોદીથી ડબલ જેટલા એટલે કે ૧૫ ચૂંટણી કાર્યક્રમો કર્યા. પીએમ મોદીએ ૧૪ સપ્ટેમ્બરે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં બંને રાજયોમાં પ્રથમ ચૂંટણી સભા કરી હતી. તેમણે કુલ આઠ જિલ્લામાં આઠ ચૂંટણી કાર્યક્રમો કર્યા હતા બંને રાજયોમાં ચાર-ચાર ચૂંટણી કાર્યક્રમો કર્યા હતા જેમાં રેલી અને જનસભા સામેલ છે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ હરિયાણામાં પ્રદેશના ભાજપ કાર્યકર્તાઓ સાથે ઓનલાઈન સંવાદ પણ કર્યો હતો.

## ઈઝરાયેલ પર હુમલાને એક વર્ષ પૂર્ણ: ગાઝામાં મોત - વિનાશના આંકડા ભયાનક

**મુખ્ય સમાચાર,ઈઝરાયેલ**

ગત વર્ષે ૭ ઓકટોબરે હમાસનાં ઈઝરાયેલ પર હુમલાને એક વર્ષ પુરૂ થયુ.હમાસના હુમલાના જવાબમાં ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહીથી હજારો ફિલીસ્તીનીઓનો જીવ લીધો અને તબાહી મચાવી દીધી ઈઝરાયેલી સરકાર, ગાઝા સ્વાસ્થ્ય મંત્રાલય અને સંયુકત રાષ્ટ્ર એજન્સીઓના આંકડા મૃત્યુ અને વિનાશને દર્શાવે છે.

હુમલામાં ઈઝરાયેલનાં ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા.૨૫૧ ઈઝરાયેલીઓને બંધક બનાવી લઈ જવાયા અત્યાર સુધીમાં ૩૫ બંધકોનાં મોત થયા છે.

૪૧૦૦૦ થી વધુ ફીલીસ્તીનીઓના મોત થયા. ગાઝામાં ૯૬૦૦ થી વધુ ફિલ્મસ્તીનીઓ ઘાયલ થયા. ઈઝરાયેલ અનુસાર મૃતક આતંકીઓની સંખ્યા ૧૭૦૦૦ થી વધુ છે.૭ ઓકટોબરથી અત્યાર સુધીમાં ૭૨૦ ઈઝરાયેલી સૈનિકોના મોત નિપજયા હતા. ગાઝાથી ઈઝરાયેલ પર છોડવામાં આવેલ રોકેટોની સંખ્યા ૯૫૦૦ થી વધુ છે.

ગાઝાથી વિસ્થાપિત થયેલ ફલીસ્તીનીઓની સંખ્યા ૧૯ લાખ



(કુલ વસ્તીના ૯૦ ટકા)થી વધુ છે.ગાઝાનાં હુમલા દરમ્યાન ૫૮૦૦૦ થી વધુ ઈઝરાયેલી પણ વિસ્થાપિત થયા. લગભગ ૫૩૦૦ ઈઝરાયેલીઓએ દક્ષિણી ક્ષેત્ર છોડયુ. ૯૨ ટકાથી વધુ માર્ગો ક્ષતિગ્રસ્ત કે નષ્ટ થઈ છે.૮૪ ટકાથી વધુ સ્વાસ્થ્ય સુવિધાઓ બરબાદ થઈ ૬૭ ટકા પાણી અને સાફ-સફાઈથી જોડાયેલી સુવિધાઓ બેકાર થઈ ૫૧૦ કિલોમીટર લાંબી વીજળી ગ્રીડનો હિસ્સો નષ્ટ થયો.

## વિદેશમાં ઈવેન્ટ મેનેજરથી લઈને સિતારાઓ નીજંગી ક્માણી પર આવકવેરાની નજર

### મોટાપાયે રોકડમાં ચુકવણી થયાનો સંકેત: પર્ફોમ કરનાર સેલીબ્રીટીઓનાં રીટર્ન કરતાં ઈવેન્ટ મેનેજમેન્ટનાં આંકડા જુદા: ટીડીએસ પણ કપાયા નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી જાન્યુઆરી માસમાં બ્રિટીશ ગ્રુપ કોલ્ડપ્લેનાં મુંબઈ શોની ટિકીટો મીનીટોમાં વેંચાઈ ગઈ અને હવે કાળાબજાર થવા લાગ્યા છે તો બીજી તરફ વિદેશમાં ભારતનાં સિતારાઓના શો પણ હાઉસફુલ જાય છે તો હવે આ પ્રકારનાં કોન્સર્ટમાં જે રીતે ઈવેન્ટ મેનેજરથી લઈને સિતારાઓ જંગી ક્માણી કરી રહ્યા છે તેના પર હવે આવકવેરાની નજર છે.

આ પ્રકારે વિદેશમાંથી શોની વાસ્તવીક આવક કરતા ઓછી આવક દર્શાવવા બદલ ૧૧ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓને નોટીસ ફટકારવામાં આવી છે આ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ મારફત કરચોરી કરવા માટે તેના વેન્ડર- સહીતનાં તેની સાથે જોડાયેલા કોન્ટ્રાકટરોને પણ મોટા રોકડ પેમેન્ટ આપવામાં આવ્યા હતા.

એટલું જ નહિં આ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ સાથે જોડાયેલા સેલીબ્રીટીઓની પણ તપાસ થશે અને તેઓનાં પેમેન્ટ અને અન્ય સુવિધાઓ અંગે ચકાસણી કરીને કચોરી માટે અપનાવાયેલા રસ્તાઓ પર આવકવેરાનો પંજો પડશે.

આ ઈવેન્ટ મેનેજમેન્ટ તપાસમાં વિદેશમાં થયેલા ખર્ચાથી લગ્ન સમારોહને પણ આવરી લેવાયા છે આ ઉપરાંત દેશી પોપ ગાયકો જે રીતે કેનેડા સહીતનાં દેશોમાં ખુબ જ લોકપ્રિય છે અને તેમના શો અઢળક કમાણી કરે છે તેમાં પણ મોટી કરચોરી થતી હોવાનું માનવામાં આવે છે.

આ પ્રકારની તપાસમાં ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓએ ડીજીટસ બેન્કીંગ ચેનલ મારફત કરેલા પેમેન્ટમાં પણ ટીડીએસ કાપ્યા નહી હોવાની શકયતાની તપાસ થઈ રહી છે ગત ડીસેમ્બર માસથી આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિદેશમાં યોજાતા આ પ્રકારનાં ઈવેન્ટ મેનેજમેન્ટમાં એક એક શો પર રૂા.૪૦ કરોડ અને તેથી વધુના ખર્ચ થયા છે; અને આવક પણ જંગી થઈ છે.આ પ્રકારનાં શોમાં કરચોરીની એક મોટી ચેઈન હોવાની શકયતા છે.આ પ્રકારની તપાસમાં વૈભવી લગ્નોમકાં હાજરી આપવા અને પર્ફોમ કરતા સેલીબ્રીટીને થતી આવકમાં પણ કરચોરી થઈ હોવાની આશંકા છે અનેક ઈવેન્ટમાં આવકવેરા વિભાગે ક્રોસ ચેકીંગ કર્યુ જેમાં પેમેન્ટ



કરનારે જે આંકડો દર્શાવ્યો હતો તે સિતારાની આવક સાથે મેચ ખાતા ન હતા એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીએ આ પ્રકારનાં પર્ફોમ માટે રૂા.૯ કરોડ ચુકવાયાનું દર્શાવ્યુ હતું જોકે તેના સીતારાએ રૂા.૩.૫ કરોડ મેળવ્યા હોવાનું રીટર્નમાં દર્શાવ્યુ હતું. સમગ્ર ઈવેન્ટમાં આ સેલીબ્રીટી કપલે પર્ફોમ કર્યુ હતું. હવે આવકવેરા વિભાગે તેમને પર નોટીસ પાઠવી છે. પણ આ ફકત એક જ દ્રષ્ટાંત દરેક ઈવેન્ટમાં આ પ્રકારે અસમાનતા જોવા મળી છે. અને હવે આગામી દિવસોમાં તેમાં મોટી કાર્યવાહી થઈ શકે છે.

## મહારાષ્ટ્રનાં તાડોબા રિઝર્વમાં જંગલ ઉપર વિશ્વનો પ્રથમ રોપ-વે બનશે

**મુખ્ય સમાચાર,નાગપુર**

પ્રવાસીઓ ટૂંક સમયમાં રોપવે પરથી તાડોબા અંધેરી ટાઈગર રિઝર્વના ગાઢ જંગલોમાં જતા વાઘને જોઈ શકશે. ફ્રેન્ચ રોપવે કંપની પોમા એસએએસએ જંગલમાં ચાલતી વિશ્વની પ્રથમ રોપવે સેવા શરૂ કરવાની યોજના કરી છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય કુદરતી રહેઠાણને ખલેલ પહોંચાડ્યા વિના વન્યજીવ પર્યટનને વધારવાનો છે.

બુટીબોરીમાં પેર્નોડ રિકાર્ડની ડિસ્ટિલરીના શિલાન્યાસ સમારોહ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસને કંપનીના જાહેર બાબતોના ડિરેક્ટર અને એશિયામાં વેચાણના વડા, બેન્જામિન ફૌચિયર ડેલાવિગ્ને દ્વારા ઉદ્દેશ્યનો પત્ર સોંપવામાં આવ્યો હતો.

પોમા એસએએસ જે પહેલાથી જ મસૂરી, કાશ્મીર, પટની ટોપ અને દેહરાદૂનમાં રોપવે સિસ્ટમનું સંચાલન



કરે છે, તે તાડોબા પ્રોજેક્ટને એક અત્યાધુનિક રોપવે તરીકે કલ્પના કરે છે જેમાં જંગલમાં દરેક ખૂણે આ રોપવે પસાર થશે જે મુલાકાતીઓને, એક સરળ અને પર્યાવરણને અનુકૂળ અનુભવ પ્રદાન કરશે.

ડેલાવિગ્ને જણાવ્યું હતું કે, નસ્ત્રજંગલની શાંતિને ખલેલ પહોંચાડ્યા વિના અને પ્રદુષણ ન ફેલાવે તે રીતે રોપવેને ડિઝાઈન કરવામાં આવશે. ફડણવીસે જણાવ્યું હતું કે સરકાર પોમાના ઉદ્દેશ્યના પત્રનો અભ્યાસ કરશે અને સમજૂતીના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરતાં પહેલાં તેની ટકાઉતા માટેની દરખાસ્તનો અભ્યાસ કરવા માટે વન અને પ્રવાસન વિભાગોને સામેલ કરશે.ફડણવીસે કહ્યું કે અમે અન્વેષણ કરીશું કે પ્રોજેક્ટને ટકાઉ કેવી રીતે બનાવવો અને તે તમામ નિયમોમાં કેવી રીતે બંધબેસે છે. અમે પ્રક્રિયાને ઝડપી બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ.

## વીવો ઈન્ડિયાએ આયાતની આડમાં ૭૦૦૦૦ કરોડ રૂપિયા ચીન મોકલી દીધા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય તપાસ એજન્સીના જણાવ્યાં અનુસાર, વીવો મોબાઈલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડએ માલની આયાત માટે ચૂકવણીની આડમાં ૨૦૧૪ થી ભારતની બહાર રૂ. ૭૦૮૩૭ કરોડ મોકલ્યાં છે.

આ આયાત કથિત રૂપે હોંગકોંગ, સમોઆ અને બ્રિટિશ વર્જિન ટાપુઓ સ્થિત એકમોમાંથી કરવામાં આવી હતી અને આમાંની ઘણી વિદેશી નસ્ત્રટ્રેડિંગ કંપનીઓ વિવો ચાઈના દ્વારા નિયંત્રિત હતી, ઈડીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે આ કેસમાં અપરાધની આવક ૨૦૨૪૧ કરોડ રૂપિયાની નજીક છે.

ઈડીએ તેની ચાર્જશીટમાં આરોપ મૂક્યો હતો કે વીવો ચીને ભારતમાં કાયદા અમલીકરણ



એજન્સીઓ દ્વારા ધ્યાન ન લેવા માટે વીવો ઈન્ડિયા સાથેનાં તેનાં સંબંધોને નસ્ત્રછુપાવવા પ્રયાસ પણ કર્યો હતો. વિવો ચાઈનાએ આગળ એક સેટઅપ બનાવ્યું જેણે તેને કાગળ પર વિવો ઈન્ડિયાથી પોતાને દૂર રાખવા માટે કર્યું હતું.

જો કે, તેણે કોર્પોરેટ પડદા હેઠળ વિતરણ નેટવર્કને નિયંત્રિત કરવાનું ચાલુ રાખ્યું હતું. ઈડી મુજબ તમામ કંપનીઓ વાસ્તવમાં નસ્ત્રએક માસ્ટર - વિવો ચાઈના દ્વારા નિયંત્રિત અને માલિકીની જ હતી.

કેન્દ્રીય તપાસ એજન્સીના જણાવ્યાં અનુસાર, વિવો ચાઈના દ્વારા હોંગકોંગમાં મલ્ટી એકોર્ડ લિમિટેડ જેવાં વિદેશી દેશોમાં સ્પેશિયલ પર્પઝ વાહનોની સ્થાપના કરવામાં આવી હતી. વિવો મોબાઈલ ઈન્ડિયાને ૧ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ સામેલ કરવામાં આવ્યું હતું અને તે મલ્ટી એકોર્ડ લિમિટેડની પેટાકંપની તરીકે નોંધાયેલ હતું. બીજી બાજુ, વિવો ચાઈના લકી ક્રેસ્ટનોની શેરહોલ્ડર હતી, જે હોંગકોંગમાં નોંધાયેલ હતી. આ રીતે ઈડીએ તેની ચાર્જશીટમાં વીવો ઈન્ડિયા પર વીવો ચાઈનાના નિયંત્રણને દર્શાવે છે.

એક નિવેદનમાં ઈડીએ જણાવ્યું હતું કે, વીવો ઈન્ડિયાના આઈટી મેનેજર વિકાસ કુમારે તેમને જણાવ્યું હતું કે તેઓ સીધા જ એક ચીની નાગરિકને રિપોર્ટ કરે છે, જે વીવો ચાઈનાની ઓફિસમાં કામ કરે છે.

ઈડી મુજબ, વીવો ચીને લેબક્વેસ્ટ એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ નામની ભારતીય કંપનીનો ઉપયોગ રિટેલ બિઝનેસ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કર્યો હતો.

## રીઅલ એસ્ટેટ પ્રોજેકટની જાહેર ખબર તેમજ પ્રચાર સાહિત્યમાં QR કોડ ફરજીયાત

### ક્યુઆર કોડ ફરજીયાત કરતા પરિપત્રથી ગ્રાહકો આંગળીના ટેરવે જ બધી માહીતી મેળવી શકશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રીયલ એસ્ટેટ ક્ષેત્રનાં પ્રોજેકટ વિશેની માહીતી હવે ગ્રાહકોને આસાનીથી ઉપલબ્ધ થઈ શકશે.ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (ગુજરેરા) દ્વારા પ્રોજેકટ વિજ્ઞાપનોમાં કયુઆર કોડ ફરજીયાત કરતો પરિપત્ર માંગતા ગ્રાહકો-લોકો આંગળીના ટેરવે જ બધી માહીતી મેળવી શકશે.

ગુજરેરાના પરિપત્ર મુજબ રીઅલ એસ્ટેટ પ્રોજેકટની તમામ વિજ્ઞાપનો, બ્રોશર, પ્રોસ્પેકટસ સહીતની સામગ્રીમાં કયુઆર કોડ રાખવો પડશે. ગત ૧લી ઓકટોબરથી જ આ નિયમ અમલી બનાવી દેવામાં આવ્યો છે.

કયુઆર કોડમાં બિલ્ડર-ડેવલપર તથા પ્રોજેકટને લગતી તમામ માહીતી હશે.અત્યાર સુધી વિજ્ઞાપનો કે પ્રચારમાં માત્ર ૮ આંકડાનો રેરા નંબર આપવાનું જ ફરજીયાત હતું.

ગુજરેરાનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રોજેકટ પ્રચાર સામગ્રીમાં કયુઆર કોડ રહેવાના સંજોગોમાં સંબંધીત લોકો સ્માર્ટફોનથી તે સ્કેન કરીને તમામ માહિતી મેળવી શકે તેવો ઉદેશ આ નિયત લાગુ કરવા પાછળનો છે. જોકે વેચાણ દસ્તાવેજ કે અન્ય કાનુની દસ્તાવેજોમાં ૮ આંકડાના રેરા નંબરને




બદલે આખો રેરા રજીસ્ટ્રેશન નંબર દર્શાવવાનો રહેશે. કોઈ કાનુની વિવાદ સર્જાતો રોકવાનો ઉદેશ છે. ગુજરેરા દ્વારા રીઅલ એસ્ટેટ પ્રોજેકટનાં ત્રિમાસીક પ્રોગ્રેસ રીપોર્ટ સોંપવાના નિયમોમાં સુચવેલા સુધારાનો અમલ હાલ તુર્ત મુલત્વી રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ત્રિમાસીક પ્રોગ્રેસ રીપોર્ટ સંખ્યામાં ઢીલ બદલ દૈનિક ધોરણે પેનલ્ટી લગાવવાનો નિયમ ઘડવામાં આવ્યો હતો પરંતુ આ ફેરફારો હાલ તુર્ત સ્થગીત રાખવામાં આવ્યા છે.

# સમર્પણ સર્કલ નજીક રાસ મહોત્સવમાં ગરબે રમતા બે યુવકો વચ્ચે બબાલ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરની ભાગોળે આવેલ સ્વામીનારાયણ મંદિર પાસે રાસ રસીયા પાર્ટી પ્લોટમાં ગરબા રમવા ગયેલા વિદ્યાર્થીનો પગ અજાણ્યા યુવાનને અડી જતાં ઉશ્કેરાયેલા બે શખ્સોએ વિદ્યાર્થીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર જાગી છે. પોલીસ સુત્રોએ જાહેર કરેલી વિગત મુજબ, જામનગર શહેરના મચ્છરનગર વિસ્તારમાં રહેતા અને ધો.૧૦માં અભ્યાસ કરતા વિશ્વરાજસિંહ સુખદેવસિંહ જાડેજા નામનો વિદ્યાર્થી ગઈકાલે સમર્પણ સર્કલ આગળ સ્વામીનારાયણ મંદિરના બીજા ગેટ સામે આવેલ રાસ રસીયા પાર્ટી પ્લોટમાં પોતાના મિત્રો યશપાલસિંહ ગૌતમસિંહ



પરમાર, પ્રદીપસિંહ લખુભા જાડેજા અને મનદીપસિંહ કિરીટસિંહ જાડેજા સાથે ગરબા રમી રહ્યા હતા. જ્યા યશપાલસિંહનો પગ બાજુમાં ગરબા રમી રહેલા અજાણ્યા યુવાનને અડી જતાં અજાણ્યા યુવાને યશપાલસિંહનો કાઠલો પકડી ગાળો આપવા લાગતાં વિશ્વરાજસિંહ સહિતના મિત્રોએ વચ્ચે પડી છોડાવેલાં અને ત્યારબાદ રાત્રિના ૧૨.૩૦ વાગ્યાના અરસામાં ઘરે જવા નિકળેલ ત્યારે ગેઈટની બહાર ઉભેલા વિશ્વરાજસિંહે વિદ્યાર્થી વિશ્વરાજસિંહ જાડેજાને વાળ પકડીને જમીન પર ઢસળી ઢીંકાપાટુનો માર મારી તારે જે ચોકીએ જાવું હોય ત્યાં જજેહવે પછી જો દેખાણો છો તો તને છરીના ગોદા મારી દઈશ. તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# કેન્દ્રશાસિત દીવ ઘોઘલા વિસ્તારમાં યુવકને છરી વડે પાંચથી છ ઘા ઝીકી શખ્સ થયો ફરાર

**અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના**



કેન્દ્રશાસિત દિવમાં આવેલ ઘોઘલા વિસ્તારમાં આરીફ સતાર સુમરાતે કોઈ કામ કરી રહ્યો હતો ત્યાં અચાનક એક યુવક છરી લઈને આવતા આરીફ નામના યુવક પર છરી વડે હુમલો કરતા પાંચથી વધુ છરીરના ઘા જીકતા તેને તાત્કાલ ઉના વિસ્તારમાં આવેલ મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડેલ યુવકને પીઠના ભાગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી ત્યારબાદ ઘટના સ્થળે એક કલાક બાદ કેન્દ્રશાસિત દીવ પોલીસ પહોંચી ગઈ આરીફ નામના યુવકને પેટના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને આઈસીઓમાં દાખલ જ્યારે આ બનાવ બનતા નાલિયા માંડવી ગામના સંરપચ ના પ્રતિનિધિ રફીક ભાઈ સુમરા દોડી આવ્યા અને તમામ બાબતની માહિતી તેઓએ મેળવી દર્દીની ગંભીર હાલત જોતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી


# ચોટીલાના નવાગામ પાસે ત્રિપલ સવારી બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

## સુરજદેવળ પાસે ગરબી જોઈને પરત ફરતા થયો અકસ્માતઃ બે કૌટુંબિક ભાઈ સારવારમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલાના નવાગામમાં રહેતા બે કૌટુંબિક ભાઈ સહિત ત્રણ મિત્રો સુરજદેવળ ગામે ગરબી જોઈને ત્રિપલ સવારીમાં બાઈક ઉપર પરત આવતા હતા ત્યારે રસ્તામાં બાઈક સ્લીપ ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવોનોને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાના નવાગામમાં રહેતા રાજુ ધીરૂભાઈ વાઘરોડિયા (ઉ.વ.૧૮), તેનો કૌટુંબિક ભાઈ અજય રણછોડભાઈ વાઘરોડિયા



અને મિત્ર વિશાલ પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ.૧૭) ત્રણેય ગઈકાલે રાત્રે બાઈક લઈ સુરજદેવળ ગામે ગરબી જોવા ગયા હતા. જ્યાંથી મોડી રાત્રે ગરબી જોઈને ત્રિપલ સવારી બાઈક ઉપર પરત નવાગામ આવી રહ્યા હતા. ત્યારે સુરજદેવળ રોડ પર બાઈક સ્લીપ ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેય યુવાનનો ઈજા થતા સારવાર માટે પ્રથમ ચોટીલા બાદ વધુ સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ગંભીર રીતે ઘવાયેલા રાજુ ધીરુભાઈ વાઘરોડિયાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બંનેની સારવાર શરૂ કરવામાં આવી છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કર જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ નવ બહેનમાં નાનો અને મજુરી કામ કરતો હતો. આ બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# મોરબીના સામાકાંઠા વિસ્તારમાંથી મળી આવેલ મેડિકલ બાયોવેસ્ટ બાબતે પાલિકા અને જીપીસીબીએ ડોક્ટરને નોટિસ તથા દંડ ફટકાર્યો

## રહેણાંક વિસ્તાર નજીકથી મળી આવેલ મેડિકલ વેસ્ટના ઢગલામાંથી મળી આવેલ ચીઠ્ઠીને આધારે ડૉ. આશિષ ત્રિવેદી દંડાયા





**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં સમાકાંઠા વિસ્તારમાં આવેલા કુળદેવી પાનની પાછળ સર્વિસ રોડના નાળા પાસે બપોરના સમયે હોસ્પિટલના મેડિકલ બાયોવેસ્ટ કોઈ ફેંકી ગયું હોવાનું સામે આવ્યું હતું ત્યારે રહેણાંક વિસ્તારમાં મેડિકલ વેસ્ટ બાબતે સ્થાનિકો દ્વારા ઉગ્ર રોષ સાથે પાલિકામાં અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં રજુઆત કરતા ત્વરિત તપાસ ધરી મેડિકલ બાયોવેસ્ટના ઢગલામાંથી મળી આવેલ ચિઠ્ઠીના આધારે ડોક્ટર આશિષ ત્રિવેદીને નગરપાલિકા દ્વારા રૂ.૫ હજાર દંડ જ્યારે જીપીસીબી દ્વારા નોટિસ ફટકરાઈ છે. જાણવા મળતી માહિતી પ્રમાણે સામાકાંઠા વિસ્તારમાં ઉપરોક્ત સ્થળની આજુબાજુ રહેણાંક વિસ્તાર હોય તેમજ મેડિકલ બાયોવેસ્ટ નાળા પાસે ફેંકવામાં આવતા ત્યાં ગાયો અને અન્ય પશુઓ ત્યાં આ વસ્તુઓ ખાય છે ત્યારે અનેક પ્રકારની ગંભીર બીમારીઓ થઈ શકે છે. તેમજ ખુલ્લામાં મેડિકલ બાયોવેસ્ટ નાખવામાં આવતા ગંદકી પણ થાય છે. ત્યારે માનવ જિંદગી તથા પશુઓના જીવન સાથે ચેડા કરવામાં આવી રહ્યા હોવાની સ્થાનિકો દ્વારા નગરપાલિકા અને જીપીસીબી વિભાગમાં રોષપૂર્ણ રજુઆત કરવામાં આવી હતીત્યારે ઉપરોક્ત અત્યંત ગંભીર બાબત મામલે નગરપાલિકા તેમજ જીપીસીબી વિભાગની ટીમ સ્થળ ઉપર પહોંચી મેડિકલ બાયોવેસ્ટના ઢગલાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી તે દરમિયાન મેડિકલ વેસ્ટમાંથી શિવમ લેબોરેટરી નામની ચિઠ્ઠી તથા અનેક અન્ય પુરાવા મળી આવતા જે સંદર્ભે ડૉ. આશિષ ત્રિવેદી નામના તબીબને મોરબી નગરપાલિકા દ્વારા રૂ. ૫,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો હતો, જ્યારે જીપીસીબી દ્વારા નોટીસ આપવામાં આવી હતી.

# સુ.નગરના મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વગર નશીલા સીરપના વેચાણ પર વોચ રાખવા કલેક્ટરની સુચના



કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા કલેકટર કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડ્યા તેમજ નિવાસી અધિક કલેકટર આર.કે.ઓઝા ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં જિલ્લા કલેકટરએ નશીલા પદાર્થોના સેવન અને તેના વેચાણ પર સખ્ત હાથે કામગીરી કરવા સુચના આપી હતી. વધુમાં જિલ્લા કલેકટરએ મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વગર નશીલા સીરપના વેચાણ પર વોચ રાખવા ડ્રગ્સ વિભાગને સુચના આપી હતી. વિદ્યાર્થીઓમાં યુવા વયે વ્યસનના વધતા જતા પ્રમાણ સામે શાળા, કોલેજની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં તંબાકુ સંલગ્ન વેચાણ પર સઘન કામગીરી કરવા સંબધિત વિભાગોને જરૂરી સૂચના આપી હતી. પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડ્યાએ શાળા, કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે નશાકારક પદાર્થ સામે જનજાગૃતિ કાર્યક્રમો વધારવા માટે એસ.ઓ.જી સાથે શિક્ષણ અને આરોગ્ય વિભાગને પણ સૂચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે, રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણને ડામી દેવા સતત પ્રયત્નશીલ છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ કરતા લોકો વિરુદ્ધ પોલીસ વિભાગ કડકાઈથી કામગીરી કરવા કટિબધ્ધ છે. આ તકે નિવાસી અધિક કલેક્ટર આર.કે.ઓઝા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક આર.એમ. જાલંધરા, પ્રાંત અધિકારી સર્વ જયંતસિંહ રાઠૌર, કલ્પેશ શર્મા, કુલદીપ દેસાઈ, હર્ષદીપ આચાર્ય, નિકુંજ ધુળા, નાયબ પોલીસ અધિક્ષક વિશાલ રબારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જામનગર માં કકકડ પરીવારના ચામુંડા માતાજીના મંદીરે હવન


સૌરાષ્ટ્રમાં આવેલ જામનગર મુકામે વિશ્વભરના કકકડ પરીવારના કુળદેવી ચામુંડા માતાજી બીરાજે છે જયાં નવરાત્રીમાં માતાજીના નવલા શણગાર સજાવવામાં આવશે તેમજ રોશની કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કકકકડ પરીવાર તા. ૧૧શુકવારે આઠમ (હવનાષ્ટમી)ના દિવસે હવન યોજાશે શુભ સમયે બીડું હોમાશે ત્યાર બાદ માતાજીનો થાળ ધરાવવામાં આવશે. દેશ-વિદેશ થી આવતા કકકડ પરીવાર માટે જામનગર માં રહેવા તથા પ્રસાદીની સુંદર વ્યવસ્થાનું આયોજન કરેલ છે. તેમાં તા. ૧૦/૧૦ ના રોજ લુહાર સમાજની વાડી, સેન્ટ્રલ બેંકની સામે, પ્રસાદી બપોરે ૧ વાગ્યે, સાંજે ૮.૩૦ વાગ્યે તેમજ માતાજીના ગરબારાત્રે ૧૦ વાગ્યે ચામુંડા માતાજીની ડેલીમાં લુહારસાર સામે રાખેલ છે તેમજ તા.૧૧/૧૦ના રોજ હવન તેમજ ધાર્મીક કાર્યકૂમોનું આયોજન કરેલ છે બીડું હોમાયા બાદ ચામુંડા માતાજી ને મહાપ્રસાદી નુ આયોજન કકકડ પરિવારના આવેલા તમામ માટે કરવામાં આવેલ છે વધુ વિગત માટે છગનભાઈ કકકડ, દીપક વૃજલાલ કકકડ તથા અનીલ જમનાદાસ કકકડ ને સંપર્ક કરવા એક યાદીમા જણાવેલ છે.

# મોરબી ફાયર વિભાગ દ્વારા અલગ અલગ બે સ્થળોએથી ડૂબી ગયેલ ત્રણ વ્યક્તિના મૃતદેહ પાણીમાંથી બહાર કઢાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ દ્વારા અલગ અલગ બે સ્થળોએથી પાણીમાં ડૂબેલ ત્રણ વ્યક્તિઓના મૃતદેહ શોધી તેને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં મચ્છુ-૩ ડેમ નજીકથી એક યુવાન તેમજ ગૂંગણ ગામે ખેત તલવડીમાંથી માતા-પુત્રીના મૃતદેહ શોધી પાણીમાંથી બહાર કાઢી કુલ ત્રણેય મૃતદેહને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર મોરબી ફાયર કંટ્રોલ રૂમ ખાતે અલગ અલગ બે જગ્યાએ ડૂબવાના બનાવોના રેસ્ક્યુ કોલ મળ્યા હતા. જેમાં જુની આરટીઓ કચેરી પાસે મચ્છુ-૩ ડેમમાંથી મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનાં જવાનો દ્વારા ડેડબોડી બહાર કાઢવામાં





આવી હતી. જે મૃતદેહ મોરબીના વાવડી રોડ ખાતે આવેલ ભગવતી પાર્ક-૧ નંદનવન સોસાયટીની પાછળ રહેતા ૩૬ વર્ષીય કૈલા પરેશ અમૃતલાલનું હોવાનું સામે આવ્યું હતું તેમજ મૃતકનું બાઈક, મોબાઈલ અને પાકીટ રોડ પરથી મળી આવ્યું હતું.જ્યારે બીજા બનાવમાં મોરબી તાલુકાના ગુંગણ ગામની સીમમાંથી ભરતભાઈ વિઠ્ઠલભાઈની વાડીમાં આવેલ ખેત તલાવડીમાં ૨૦ વર્ષીય વિલાશબેન અને તેમની સાત માસની પુત્રી શરીના નો મૃતદેહ બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. મોરબી ફાયર ટીમ દ્વારા બંને જગ્યાથી ટોટલ ત્રણ મૃતદેહ બહાર કાઢી ત્રણેય મૃતદેહને સિવિલ હોસ્પિટલ મોરબી ખાતે મોકલી આપવામાં આવી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે બન્ને બનાવો મામલે અ.મોતની નોંધ કરી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી હતી.

# જામનગર શહેરમાં આમ આદમી પાર્ટીએ સૂત્રોચ્ચાર કરી આવેદન પાઠવ્યું



જામનગરમાં આમ આદમી પાર્ટીએ દેખાવ કરી સૂત્રોચ્ચાર સાથે આવેદન પાઠવ્યું હતું.રાજયમાં મહિલા પર અત્યાચાર વધી રહ્યાના આક્ષેપ સાથે જામનગરમાં આમ આદમી પાર્ટીએ દેખાવ કરી સૂત્રોચ્ચાર સાથે આવેદન પાઠવ્યું હતું. આમ આદમી પાર્ટીએ આવેદનમાં જણાવ્યાનુસાર રાજયમાં છેલ્લાં ૧૫ દિવસમાં દુષ્કર્મની ૬ ઘટના બની છે.જેમાં દાહોદ, સુરેન્દ્રનગર, મહેસાણા અને છેલ્લે વડોદરામાં સગીરા પર સામૂહિક દુષ્કર્મનો બનાવ બન્યો છે. જેના કારણે મહિલા અને યુવતીઓમાં અસલામતી સાથે ભયની લાગણી ફેલાઈ છે. આ સ્થિતિમાં ગૃહમંત્રી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવાને બદલે બીનજરૂરી નિવેદનો કરી રહ્યા છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારી મહિલાઓની સુરક્ષા વધારવા માંગણી કરી છે.

# માળીયા(મી)ના ચીખલી ગામે જુગાર રમતા ચાર પત્તાપ્રેમીઓને પકડી લેવાયા



માળીયા મીયાણા તાલુકાના ચીખલી ગામે માળીયા(મી) પોલીસ દ્વારા દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી લેવાયા છે. આ સાતગે પકડાયેક ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ચીખલી ગામે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમતા અકબરભાઈ હારૂનભાઈ પારેડી ઉવ.૩૦, નવઘણભાઈ ઉર્ફે ટકી જુગાભાઈ દેગામા ઉવ.૧૯, લાલજીભાઈ જુગાભાઈ પરસુંડા ઉવ.૨૫ તથા મહેશભાઈ ઉર્ફે મુનો રાયસીંગભાઈ બજાણીયા ઉવ.૩૨ ચારેય રહે-ચીખલી તા.માળીયા(મી)વાળાને પકડી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ.૧૦,૭૫૦/- રોકડા કબ્જે કર્યા હતા.

# હળવદના પંચમુખી ઢોરા વિસ્તારમાં યુવાનની હત્યા

મોરબી જિલ્લાના હળવદના પંચમુખી ઢોરા વિસ્તારમાં યુવાનની હત્યા થઇ હોવાની કમકમાટી ભરી ઘટના સામે આવી છે. જેમાં ફળિયામાં સૂતેલ યુવકની કોઈ વ્યક્તિ દ્વારા બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે જે મામલે હળવદ પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, હળવદના પંચમુખી ઢોરા વિસ્તારમાં રહેતો સુખદેવ ઝીંઝુવાડીયા નામનો યુવક ગઈકાલે મોડી રાત્રે પોતાના ઘરે ફળિયામાં ખાટલા પર સૂતો હતો. તે સમયે કોઈ અજાણ્યા શખ્સે પાછળથી આવી યુવક પર બોથડ હથિયાર વડે હુમલો કર્યો હતો. આ હુમલો એટલો દર્દનાક હતો કે, યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ત્યારે બનાવની જાણ થતા જ પરિવારજનોએ ૧૦૦ નંબરમાં ફોન કરી ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. જેથી ફરિયાદ મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહનો કબ્જો મેળવી મૃતદેહને પીએમ અર્થે ખસેડી પરિવારજનો તથા આસપાસનાં લોકોની પોલીસે પૂછપરછ આરંભી છે.ત્યારે હત્યા કોને કરી અને શા માટે કરી તે રહસ્ય હજુ અકબંધ છે.

# જામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા ચેકિંગ દરમિયાન ૧૦ સ્થળેથી વીજ ચોરી પકડાઈ



જામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા જુદા જુદા વિસ્તારમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન ૧૦ સ્થળેથી વીજ ચોરી પકડાઈ હતી, અને તેઓને રૂપિયા ચાર લાખના વિજ ચોરીના બિલ ફટકાવવામાં આવ્યા છે. ઉપરાંત પાંચ લંગરીચા વીજ જોડાણ મળ્યા હોવાથી તેઓ સામે પોલીસ ફરિયાદ પણ કરાઈ છે.જામનગર પી.જી.વી.સી.એલ. ની સેન્ટ્રલ ઝોન પેટા વિભાગ ના નાયબ ઈજનેર અજય પરમાર ની રાહબરી હેઠળ જામનગર શહેર વિસ્તારો માં અલગ અલગ જગ્યા એ પાંચ જેટલી અલગ અલગ જુનિયર ઈજનેર તથા ટેકનીકલ સ્ટાફ ની ટુકડીઓ બનાવીને સાથે રહીને વીજ ચેકીંગ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં નવીવાસ, સાતરસ્તા નજીક જલારામ નગર, વાલકેશ્વરી નગરી, વાલ્મીકિ નગર, મંગલબાગ, વિગેરે જેવા વિસ્તારોમાં સઘન વીજચેકીંગની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન કુલ ૧૦ જેટલા વીજ ચોરીના કેસો કરવામાં આવ્યા હતા.જે તમામ વીજ ગ્રાહકોને અંદાજિત ૪ લાખ નાં વીજ દંડ ફટકારવામાં આવેલા છે, અને આ કેસો પૈકી પાંચ જેટલા બિન અધિકૃત વીજજોડાણો લેનાર ની વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

# કાલાવડ પંથકમાં ચોરીઓને અંજામ આપનાર શ્રમિક ઝબ્બે, સવા ડઝન ગુનાના ભેદ ખૂલ્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

કાલાવડ તાલુકામાં છેલ્લા ત્રણેક માસથી જુદા જુદા સ્થળે ચોરી કે ચોરીના પ્રયાસને અંજામ આપનાર શખસને સ્થાનિક ગુના શોધક શાખાએ દબોચી લીધો છે.જેની પોલીસ પુછપરછમાં લગભગ સવા ડઝન જેટલા બનાવમાં સંડોવણી પણ ખુલવા પામી છે.જયારે વધુ ત્રણ સાથીદારના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગર સ્થાનિક ગુના શોધક શાખાના પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી તથા એ.કે. પટેલના નેતૃત્વમાં ટીમ ટેકનીકલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ચોરીના અણઉકેલ ગુનાના ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી.જે દરમિયાન સ્ટાફના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, કાસમભાઈ બ્લોચ, મયુરસિંહ પરમાર, રૂષિરાજસિંહ વાળા સહિતની ટીમને કાલાવડ પંથકની ચોરીમાં સંડોવાયેલા શખસ વિશે બાતમી મળી હતી.

જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી કાલાવડમાં ધોરાજી રોડ પરના મુકતેશ્વર મહાદેવ મંદિર પાસેથી અનિલ મેઘજીભાઈ બામણીયા (રે. મુળ ગાગરડી, ગરબાડા, દાહોદ, હાલ રીનારી,તા.કાલાવડ) નામના શખસને સંકજામાં લીધા હતો.પોલીસે તેના કબજામાંથી રૂા. ૬,૭૭૫ની રોકડ, એક બાઈક, છ મોબાઈલ ફોન અને વિદેશી ચલણ સહિતનો મુદામાલ શક પડતી મિલકત તરીકે કબજે કર્યો હતો.

પકડાયેલા શખસે પોલીસ પુછપરછમાં વધુ ત્રણ સાથીદાર વિક્રમ ભાભોર, શૈલેષ ભાભોર અને કલ્પેશ આદીવાસીના નામ આપતા તેની શોધખોળ હાથ



ધરરાઈ છે. પ્રાથમિક પોલીસ પુછપુરછમાં ઉકત આરોપીએ અન્ય સાથીદારની મદદથી રીનારી, ટોડા, સણોસરી, કાલાવડ, મુરીલા સીમ સહિત લગભગ પંદરેક ચોરીના બનાવમાં સંડોવાયાની કેફિયત આપી હતી.પોલીસે પકડાયેલા શખસની ઘનિષ્ઠ પુછપરછ સાથે સાથીદારોની શોધખોળ હાથ ધરી તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# સુરેન્દ્રનગરનાં સલીમાનગરમાં જુગાર રમતા ૧૦ પતાપ્રેમી ઝડપાયા



સુરેન્દ્રનગર શહેરમાં બી ડીવીઝન પોલીસને સલીમાનગરના રહેણાંક મકાનમાં જુગારની બાતમી મળતા દરોડો કરાયો હતો. જેમાં ૧૦ શખ્સો રોકડ અને મોબાઈલ સહિત રૂ. ૭૬,૨૦૦ની મત્તા સાથે ગંજીપાના ટીચતા પકડાયા હતા.જયારે લીંબડી તાલુકાના મોટી કઠેચી ગામે જુગારની રેડ કરી બાઈક લેવા પરત જતા જીઆરડી જવાનને ટૌળા દ્વારા ઘેરીને માર મારવાનો બનાવ બન્યો છે.સુરેન્દ્રનગર બી ડીવીઝન પીઆઈ એમ.એચ.પઠાણ, એન.ડી.ચુડાસમા, અજીતસીંહ સહિતનાઓ શનિવારે સાંજે પેટ્રોલિંગ કરી રહ્યા હતા.ત્યારે ૮૦ ફુટ રોડ પર આવેલ સલીમાનગરમાં રહેતા દિગ્વીજયસીંહ નીરૂભા ઝાલાના રહેણાંક મકાને જુગાર રમાતો હોવાની બાતમી મળતા દરોડો કરાયો હતો.જેમાં દિગ્વીજયસીંહ નીરૂભા ઝાલા, શકિતસીંહ દીલાવરસીંહ રાણા, ભવદીપસીંહ ગીરીરાજસીંહ ઝાલા, સુરેન્દ્રસીંહ જામભા રાણા, બરકતઅલી બદરૂદ્દીનભાઈ કાનાણી, અજીમ છોટુભાઈ દાદવાણી, કુલદીપસીંહ ભીખુભા જાડેજા, સુરેન્દ્રસીંહ જીલુભા પરમાર, પૃથ્વીરાજસીંહ દિલુભા ઝાલા અને અજયસીંહ પ્રતાપસીંહ રાઠોડ રોકડા રૂ. ૩૧,૨૦૦ અને રૂ. ૪૫ હજારના ૮ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭૬,૨૦૦ની મત્તા સાથે ઝડપાયા હતા. મકાન માલિક દિગ્વીજયસીંહ ઝાલાની પુછપરછ કરતા શનીવારની રજા હોઈ મિત્રો ભેગા થતા ટાઈમ પાસ માટે જુગાર રમવા બેઠા હોવાનું જણાવ્યુ હતુ. બી ડિવિઝન પોલીસે દસેય શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકાના મેસરીયા ગામેથી વિદેશી દારૂના ૧૪ ચપલા સાથે એક ઝડપાયો

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે મેસરીયા ગામથી આરોપી જયરાજભાઈ પ્રતાપભાઈ ધાધલ ઉવ.૧૯ રહે. મેસરીયા ગામવાળાને પોતાના રહેણાંકની બાજુમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડના ૧૮૦એમએલ ક્ષમતાની ૧૪ શીલપેક બોટલો સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો આ સાથે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવરાત્રીમાં પરંપરાની જ્યોતને પ્રજવલિત કરતી ધોળકિયા સ્કૂલ







(તસ્વીરઃ આનંદ જાવિયા)




ધોળકિયા સ્કૂલ્સના નેજા હેઠળ તથા કૃષ્ણકાંતભાઈ, જીતુભાઈ ના માર્ગદર્શન હેઠળ પ્રાચીન નવરાત્રી મહોત્સવ સતત નવ વર્ષથી ભવ્ય રીતે ઉજવાય રહ્યો છે. ભૌતિકતાની સાથે સાથે અધ્યાત્મના વારસાને જાળવવાની અગત્યતા જણાવી, ધોળકિયા સ્કૂલ્સ દ્વારા કોઈપણ પ્રકારના ફંડ-ફાળા લીધા વિના સંસ્કૃતિના જતન અર્થે થતા આ કાર્યની ખુબ પ્રશંસા કરી. આ નવરાત્રી મહોત્સવમાં ૩૦૦ થી પણ વધુ ધોળકિયા સ્કૂલ્સની દિકરીઓ દ્વારા શક્તિની આરાધનાનું દર્શન થઈ રહ્યું છે ત્યારે પહેલા નોરતાની શરૂઆતમાં હે ઓચિંતી આગણામાં આવી.... સોનાની સાંકળે.... એકે છંદે બીજે છંદે... ઘોર અંધારી રે દશડન દેજો રે.... આશાપુરા માં એક વણઝારી ઝુલણા.... દુહા છંદ મોર બની થનગાટજેવા મનને હરે અને હૃદયને પુલકિત કરે તેવા ગરબા લેવાયા, વિશાળ જનમેદનીના તાળીઓના ધ્વનિથી ગરબે રમતી શક્તિસ્વરૂપા દીકરીઓની સ્તુતિ કરી. ઉપરાંત આ કાર્યક્રમને આપ લાઈવ યુ-ટ્યૂબ અને ફેસબુકના માધ્યમથી નિહાળી શકો છો.

## મારવાડી યુનિવર્સિટીને ૨ પોસ્ટ ગ્રેજ્યુએટ અને ૨ અંડરગ્રેજ્યુએટ કોર્સ માટે ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ શરૂકરવા યુજીસીની મંજૂરી મળી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આવેલી નેક માં અ+ ગેડ ધરાવતી મારવાડી યુનિવર્સિટીને હાલમાં જ ઑક્ટોબર ૨૦૨૪થી લાગુ કરીને ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) પાસેથી ઍન્ટાઈટલ્ડ કેટેગરી હેઠળ મંજૂરી મળી ગઈ છે. યુજીસીએ કુલ ચાર ઓનલાઈન કોર્સ શરૂ કરવા માટે યુનિવર્સિટીને મંજૂરી આપી છે. આ અભ્યાસક્રમોમાં બે અંડર-ગ્રેજ્યુએટ કોર્સ - બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) અને બેચલર ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બીસીએ) તથા તેની સાથે બે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ – એમએ ઈન ઈંગ્લિશ લિટ્રેચર અને એમએસસી ઈન મેથેમેટિક્સનો સમાવેશ થાય છે. મારવાડી યુનિવર્સિટીને યુજીસી એન્ટાઈટલ્ડ કેટેગરી હેઠળ આ ચાર ઓનલાઈન કોર્સ શરૂ કરવા માટે મંજૂરી આપી છે જે નેક માં અ+ ગેડ ધરાવતી યુનિવર્સિટીઓ ને ઍન્ટાઈટલ્ડ દ્વારા આપવામાં આવે છે.આ પહેલ કેન્દ્ર સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર છે, જેમાં ઓનલાઈન ઉચ્ચ શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વધુમાં યુજીસી દ્વારા માન્યતાપ્રાપ્ત ઓનલાઈન પ્રોગ્રામો મારફતે મેળવવામાં આવેલી ડિગ્રીઓને પરંપરાગત અભ્યાસક્રમો મારફતે મેળવવામાં આવેલી ડિગ્રીઓને સમકક્ષ ગણવામાં આવશે તેવી સ્પષ્ટતા કરવામાં આવેલી છે. મારવાડી યુનિવર્સિટી દ્વારા ઓન લાઈન ડિગ્રી અભ્યાસક્રમો શરુ કરવાના લેવામાં આવેલા આ નિર્ણય પાછળનો વિચાર સમગ્ર વિશ્વમાં વિદ્યાર્થીઓને સુલભ અને ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ પૂરું પાડવાનો છે. આ અભ્યાસક્રમો ખાસ એવા લોકોની જરૂરિયાતોને પૂરી કરે છે, જેઓ સામાજિક, આર્થિક કે અન્ય કોઈ વ્યક્તિગત કારણોસર કોલેજના ફૂલ-ટાઈમ અભ્યાસક્રમોને ભણી શકે તેમ નથી અથવાતો એક સાથે બે વિષયો માં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, નવિદ્યાર્થીઓ દુનિયાના કોઈ પણ ખૂણામાંથી અભ્યાસ કરી શકે છે, જે આ પહેલને પોતાની અન્ય કટિબદ્ધતાઓની સાથે પોતાનું શિક્ષણ ચાલું રાખવા માંગતા લોકો માટે ગેમ-ચેન્જર બનાવે છે. આ અભ્યાસક્રમો અન્ય પરંપરાગત ઑન-કેમ્પસ ડિગ્રીઓને સમાન શૈક્ષણિક માન્યતા પૂરી પાડે છે. અમે શિક્ષણ મેળવવા માં આવતાં અવરોધોને દૂર કરવા માટે અને સમાજના દરેક તબક્કાના વિદ્યાર્થીઓને ભણવાની વિશ્વસ્તરીય તકો પ્રાપ્ત થાય તેની




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ખાતરી કરવા માટે તૈયાર છીએ. આ યુજીસી દ્વારા માન્ય ઓનલાઈન પ્રોગ્રામોની મદદથી અમે શિક્ષણને સાચા અર્થમાં સુલભ બનાવી શકીશું. પ્રથમ તબક્કામાં મારવાડી યુનિવર્સિટી આ ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ કરશે: બીબીએ, બીસીએ, એમએ ઈન ઈંગ્લિશ અને એમએસસી ઈન મેથેમેટિક્સ. આ પ્રોગ્રામમાં એડમિશન વર્ષમાં બે વખત આપવામાં આવશે, ઑક્ટોબર અને એપ્રિલ મહિનામાં. ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ માં એડમિશન, ભણાવવાની તેમજ પરીક્ષા ની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન હાથ ધરવામાં આવશે અને વિદ્યાર્થી ને ક્યારેય યુનિવર્સિટી માં આવવાની જરૂર નહિ પડે. ૨૧ મી સદી માં વધુ લોકો ને તેમને જે સ્પીડ થી ભણવાની ઈચ્છા હોય તે સ્પીડ અને રીત થી ભણાવાવનું ચલણ છે જે આ ઓનલાઈન કોર્સ માં શક્ય બનશે.

## ડેન્ગ્યુ-મેલેરિયા યથાવતઃ નવા ૨૮ કેસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ચોમાસાએ વિદાય લીધી છતાં મચ્છરજન્ય રોગચાળો કાબુમાં આવતો ન હોય તેમ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા કરાયેલા ડોર ટુ ડોર ચેકીંગ દરમિયાન મેલેરિયા અને ડેંગ્યુના વધુ ૨૮ નવા કેસ સામે આવ્યા છે. તેમજ ઝાડા ઉલ્ટી-ટાઈફોડ શરદી, ઉધરસ તાવના કેસ પણ યથાવત રહેવા પામ્યા છે. આથી આરોગ્ય વિભાગે ચેકીંગ દરમિયાન મચ્છર ઉત્તપતિ સબબ ૩૯૩ આસામીઓને નોટીસ પાઠવી રૂા. ૬૨,૩૫૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૩૦/૦૯/૨૪ થી તા.૦૬/૧૦/૨૪ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૯૩,૯૬૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૫૭૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાનાસ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

## ગુજરાતના લોકોના પ્રાણ પ્રશ્નોની કોંગ્રેસ કરશે વિસ્તૃત ચર્ચાઃ મુકુલ વાસનિક

■ ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે : શક્તિસિંહ ગોહિલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી રાજ્ય સભાના સાંસદ મુકુલ વાસણિક તેમજ કોંગ્રેસના પ્રદક્ષ ક્ક્ષાના હોદ્દેદારો દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરાયું હતું જેમાં મુકુલ વાસણી કે મોદી સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે સરકાર ખોટા વાયદા કરી રહી છે લોકોના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે અન્ય પ્રશ્નોમાં સમય વ્યતીત કરે છે વનનેસન વન ઈલેક્શન ની વાત કરી મોદી સરકાર શું સાબિત કરવા માંગે છે ખેડૂતોના પ્રશ્નને ઉકેલો આમાં સરકાર પાછી




(તસ્વીરઃ આનંદ જાવિયા)

પાની કરી રહી છે આવનારી ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસનો દબદબો હશે તેમ તેમણે જણાવ્યું હતું

મુકુલ વાસની કે વધુમાં જણાવ્યું કે ગુજરાતના લોકોના અનેક પ્રશ્નો છે જે બાબતે તમામ જિલ્લાઓમાં કોંગ્રેસ દ્વારા સ્થાનિક આગળના સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે કોંગ્રેસ તમામ બાબતોનું નિરાકરણ લાવી શકે આજે પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજ્યમાં ભ્રષ્ટાચાર્ય માજા મૂકી છે સરકાર ફક્ત ભ્રષ્ટાચારીઓને પ્રોત્સાહન આપી રહી છે રાજ્યમાં દાહોદ જેવી અનેક દુષ્કર્મની ઘટના બની રહી છે એમ છતાં ભાજપ સરકારનું પેટનું પાણી હ ળતું નથી ભ્રષ્ટાચાર ના કારણે આજે રાજકોટના એરપોર્ટ દશા જોવા જેવી થઈ છે શહેરના તમામ ડામર રસ્તા પણ તૂટી ગયા છે અમદાવાદ સહિત તમામ રાજ્યના શહેરોમાં પણ આજ હાલત છે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજ્ય વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા રાજકોટ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉપલેટાના નિલાખા ગામે આધુનિક યુગમાં પણ પરંપરાગત રીતે યોજાઈ રહી છે પ્રાચીન રાસ રમાંડતી એકમાત્ર ગરબી

### નવદુર્ગા ગરબીમાં ચોથા અને આઠમાં નોરતે સળગતા અંગારાઓ પર રમવામાં આવે છે મશાલ રાસ

ઉપલેટા તાલુકાના નિલાખા ગામે નવદુર્ગા ગરબી મંડળનું આયોજન થાય છે તેમાં આ ગરમી મંડળની વિશેષતા એ છે કે આ ગરબીમાં ત્રણ વિભાગની અંદર રાસ રમવામાં આવે છે જેમાં નાના ગોવાળિયા એટલે કે નાના બાળકો તેમજ મોટા ગોવાળિયા એટલે કે મોટા યુવાનો અને બાળાઓ એટલે કે દીકરીઓનો પણ રાસ આ ગરબીની અંદર રમવામાં આવે છે ત્યારે આ ગરબીમાં છેલ્લા ત્રણ વર્ષથી વિશેષ રૂપે મશાલ રાસ યોજી સળગતા અંગારાઓ ઉપર રાસ ગરબા રમવામાં આવે છે જે જોવા માણવા અને નિહાળવા તેમજ માતાજીની સાક્ષાત્કાર શક્તિની હાજરી હોય તેના દર્શન કરવા માટે આસપાસના પંથકના આગેવાનો અગ્રણીઓ તેમજ ધર્મપ્રેમી જનતા ચોથા અને આઠમા નોરતે બહોળી સંખ્યામાં ઉમટી પડે છે. નવરાત્રી મહોત્સવ એટલે જગતજનની મા જગદંબાની આરાધના, સાધના તેમજ ભક્તિભાવ માટેનો વિશેષ તહેવાર એટલે નવરાત્રી ઉજવવામાં આવે છે. આ નવરાત્રીમાં નવરાત્રી દરમિયાન રાસ ગરબાઓનું વિશેષ રૂપે આયોજન થતું હોય છે જેમાં આધુનિક યુગમાં અર્વાચીન ગરબા અને ડીજેના તાલ ઉપર અર્વાચીન રાસ ગરબા રમવામાં આવે છે ત્યારે આ આધુનિક યુગમાં પણ ઘણા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોની અંદર પરંપરાગત નવરાત્રી મહોત્સવનું આયોજન થતું હોય છે અને નવરાત્રિના પાવન પર્વની આધુનિક યુગમાં પણ અર્વાચીન ગરબાની સામે લોકોને વધુ આકર્ષણ કરતી પ્રાચીન રાસ ગરબીઓ પણ યોજાઈ રહી છે. ઉપલેટા તાલુકાના નિલાખા ગામે જ્યારથી ગામની સ્થાપના કરવામાં આવી છે ત્યારથી લઈને આજદિન સુધી દર વર્ષે સમસ્ત ગામના સાથ અને સહકારથી ગામની એકમાત્ર ગરબી એટલે કે શ્રી નવદુર્ગા ગરબી મંડળનું દર વર્ષે આયોજન થતું હોય છે. આ ગરબીની વિશેષતા એ છે કે અહીંયા ગરબીની અંદર પરંપરાગત સાજિન્દાઓ અને લાઈવ ગાયક



કલાકારો દ્વારા માતાજીના ગરબાઓ અને માતાજીની ભક્તિ માટેના ગરબાઓ ગાય અને સૌ કોઈ આ ગરબીની અંદર ભાગ લેનારા ખેલૈયાઓ માતાજીના સ્થાપનની ફરતે રાસ ગરબા રમતા નજરે પડે છે. ઉપલેટાના નીલાખા ગામે વર્ષોથી ચાલતી અને એકમાત્ર ગરબીની વિશેષ વાત એ છે કે, આ ગરબીમાં ભાગ લેનાર પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ સાથે જ આ ગરબીના આયોજકો દ્વારા ક્યારે પણ કોઈપણ વ્યક્તિ પાસે ફંડ ફાળો કે ઈનામ વિતરણ અથવા લહાણી વિતરણ માટે ઉઘરાણી કરવા માટે નીકળવાનો નિયમ નથી કારણ કે, અહીંયા ગામના લોકો તેમજ સેવાભાવી લોકો આ ગરબીમાં સ્વૈચ્છિક રીતે રોજનો હજારો રૂપિયાનો ફંડ ફાળો અને લ્હાણી સ્વેચ્છિક રીતે આપી જાય છે જે ગરબીના આયોજકો માટે ખૂબ સારી અને ફાયદાકારક બાબત છે. (તસ્વીર/અહેવાલઃ- કાનભાઈ સુવા ઉપલેટા)

## મોઢુકા નજીક ટીસી ચોરવા ગયેલા યુવકને ઝટકો લાગતાં નીચે પટકાયો અને પકડાયો

**મુખ્ય સમાચાર,જસદણ**

વીંછિયા તાલુકાના મોઢુકા ગામે સીમ શાળા નજીક આવેલ ડ્રસ્ટ્રીકના ચાલુ વીજ ટ્રાન્સફોર્મરની ચોરી કરવા શખ્સ તેની ઉપર ચડ્યો હતો અને જોરદાર કરંટ લાગતાં તે નીચે પટકાયો હતો અને શરીરે ગંભીર ઈજા થઈ હતી. ઘટનાની ગ્રામજનોને જાણ થતા વીંછિયા ડ્રસ્ટ્રીકને જાણ કરવામાં આવી હતી. જેથી ટીમ અને વીંછિયા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્ત શખ્સને ૧૦૮ની મદદથી વીંછિયા સરકારી હોસ્પિટલે ખસેડી આગળની તપાસ હાથ ધરી હતી. તો આ બનાવ બન્યા બાદ પકડાઈ જવાની બીકે બે શખ્સ છકડો લઈને પોબારા ભણી ગયા હતા.

બોટાદ જિલ્લાના કાનીયાડનો વિકુ ગુલાબભાઈ શેખલીયા અને અન્ય બે શખ્સ છકડો રીક્ષા લઈને ટીસીની ચોરી કરવાના ઈરાદે આવ્યા હતા. વિકુ ટીસીમાં ઉપર ચડ્યો હતો, ચાલુ પાવરે ડીયો કાપવા જતા વિકુને વીજશોક લાગ્યો અને નીચે પટકાતા બુમાબુમ થઈ પડી હતી અને તે જોઈ બે શખ્સ છકડો લઈને નાસી ગયા હતા. બાદમાં ચોરની રાડોરાડથી લોકો એકઠા થયા હતા.


વીંછિયા પીજીવીસીએલના નાયબ ઈજનેર ગૌરવ બોડાએ જણાવ્યું હતું કે વિકુ શેખલિયા ચાલુ ટીસીમાં ડીયો કાપવા માટે ચડ્યો હતો અને વીજશોક લાગતા નીચે પટકાયો હતો, તેણે જણાવ્યું હતું કે અમે ત્રણ વ્યક્તિ છકડો લઈ વાયર ચોરી કરવા આવ્યા હતા. બે વ્યક્તિએ ઉપર ચડીને વાયર કાપી નાખવાનું કહેતા તે ઉપર ચડ્યો હતો અને પડ્યો, આથી ગ્રામજનોએ અમને આખી ઘટનાની જાણ કરી. જો કે અમને લાગે છે કે ખરેખર એ લોકો સર્વિસ વાયરનો જથ્થો ચોરી કરવા માટે નહી આવ્યા હોય કારણ કે તેની કોઈ ખાસ કિંમત હોતી નથી તે વાયરની કિંમત માત્ર ૨૦૦ કે ૩૦૦ રૂપિયા જ થાય. આમાં



અમારો અંદાજ એવો છે કે તે દૂર-દૂરથી સર્વિસનો જથ્થો નહી પણ ટીસી ચોરી કરવા માટે જ આવ્યા હશે. આ બનાવ બાબતે અમે વિંછીયા પોલીસ સ્ટેશને લેખિતમાં ફરિયાદ આપી છે.

## રેલ્વે કર્મચારીઓએ રાજકોટ ડિવિઝનમાં રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મની સફાઈ કરીને ચમકાવ્યા

રાજકોટ ડિવિઝન દ્વારા ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન સ્વચ્છતા પખવાડા મનાવવામાં આવી રહ્યું છે. આ પખવાડિયા દરમિયાન, રેલવે પરિસરને સુંદર બનાવવા માટે વિવિધ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે. પખવાડિયાના સાતમા દિવસે, આજે પસ્વચ્છ ટ્રેકથની થીમ પર, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા, ખંભાળિયા, વાંકાનેર સહિતના ડિવિઝનના મુખ્ય સ્ટેશનો પર રેલ્વે કર્મચારીઓએ શ્રમદાન કરીને રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મ ને ચમકાવ્યો હતો. ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો પર રેલવે કર્મચારીઓ દ્વારા પ્લેટફોર્મ, રેલવે ટ્રેક અને સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રેલ્વે ટ્રેકની આસપાસ ઉગેલું ઘાસ દૂર



કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડ્રેનેજ ચોક ન થાય તે માટે પાટા વચ્ચેની ગટરોની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતી જગ્યાઓ જેમ કે કોન્કોર્સ હોલ, શૌચાલય, વેઈટિંગ હોલ, વેઈટિંગ રૂમ વગેરેની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન બાદ સ્ટેશનોની સ્વચ્છતા અને સુંદરતા જોવા જેવી છે. આ સ્વચ્છતા અભિયાન થી ચેપને ના લીધે ફેલાતા રોગોને રોકવામાં પણ ઘણી મદદ મળશે.

## હાઈવે પર ગેરકાયદેસર દબાણો દુર કરવા જિલ્લા કલેકટરે રોડ સેફટી કાઉન્સીલની બેઠક યોજી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં અને પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોરની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટ જિલ્લા સંલગ્ન જુદા જુદા હાઈવે પર નિર્ધારિત બ્લેક સ્પોટ પર વાહન અકસ્માતના કારણોની ચર્ચા કરવામાં આવી હતી, તેમજ આ સ્થળોએ જરૂરી માર્ગદર્શક સાઈનેજીસની સાઈઝ વધારવા, ડાયવર્ઝન સ્મૂધ બનાવવા, હાઈવે ચોકમાં હાઈ માસ્ટ લાઈટિંગ લગાડવા વિવિધ એજન્સીને કલેકટરશ્રીએ સૂચનાઓ આપી હતી. આ તકે અધ્યક્ષ દ્વારા હાઈવે આસપાસ આવેલ નડતરરૂપ ધાર્મિક સ્થળો, હોટલ, શોરૂમ, દુકાનો તોડી પાડવા તેમજ ગેપ ઈન મીડીયમ તોડતા લોકો વિરુદ્ધ ફરિયાદ કરવા સૂચના આપી હતી.

રોડ સેફટી એક્સપર્ટ જે. વી. શાહ અને આર.ટી.ઓ. ખપેડ દ્વારા રોડ સેફટી ઉપરાંત ગુડ મરીટન યોજના અંગે જનજાગૃતિ અર્થે કરવામાં આવેલા સેમિનારની વિગતો પુરી પાડી હતી. ખાસ કરીને હાઈવે પર ચાલતા પદ યાત્રી સંઘને રોડ અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું હોઈ તેઓને તકેદારી અંગે માર્ગદર્શિકા મુજબ જમણી તરફ ચાલવા અને કેમ્પ લગાવવા જે. વી. શાહે ખાસ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં કિશાન, મારુતિ પંપ, શાપર બ્રિજ, ઉમવાડી તેમજ જામવાડી પાસે અકસ્માતોનું પ્રમાણ વધારે જોવા મળે છે. રોડ અકસ્માત માટે ઓવર સ્પીડ, ઓવર લોડિંગ વાહનો જવાબદાર છે. તેમજ વાહન



ચાલક હેલ્મેટ ન પહેરતા હોઈ અકસ્માતે મૃત્યુ પામવાની ઘટના સામે આવે છે. આ બેઠકમાં બોલબાલા ટ્રસ્ટના શ્રી જયેશભાઈ ઉપાધ્યાય, એ.સી.પી. ટ્રાફિક જે.બી. ગઢવી, એસ.ટી. વિભાગીય નિયામક કરોતરા, ૧૦૮ ના શ્રી ચેતન ગાધે, ડી.ઈ.ઓ શ્રી ધંધુકિયા, સિવિલ તબીબ, નેશનલ હાઈવે ઓથોરિટી, રૂડા, શિક્ષણ, આર. એન્ડ. બી, એલ.એન્ડ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારી તેમજ પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નવા બસપોર્ટ પાસે સીટી બસે ઠોકરે ચડાવતા બાઈક ચાલકનું મોત

## પેટ્રોલ પુરાવી ઘરે જતાં યુવકને નડ્યો અકસ્માતઃ પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં બેફામ દોડતી સીટીબસના કારણે અનેક જીવલેણ અકસ્માતો સર્જાયા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે. ત્યારે વધુ એક ઘટનામાં રાજશ્રી ટોકીઝધ પાસે રહેતો યુવાન પેટ્રોલ પુરાવી ઘરે જતો હતો ત્યારે બસપોર્ટ પાસે સીટીબસના ચાલકે યુવકના બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



આ અંગે મળતી વિગત મુજબ શહેરમાં રાજશ્રી ટોકીઝ સામે આવેલી કોટક શેરી નં. ૪માં રહેતા લક્ષ્મણ કુંભાભાઈ સિંગરખિયા નામનો ૨૨ વર્ષનો યુવાન ગઈકાલે સાંજના ચારેક વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈ બસસ્ટેશન પાસે પસાર થઈ રહ્યો હતો. ત્યારે જીજે-૩- બીઝેડ-૦૨૨૦ નંબરની સીટીબસના ચાલકે લક્ષ્ણ સિંગરખિયાના બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો.

હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ યુવકનું મોત નિપજતાં પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં વચેટ હતો.

મૃતક યુવાન કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. યુવક પેટ્રોલ પુરાવીને ઘરે જતો હતો ત્યારે કાળ બનેલી ત્રાંટકેલી સીટીબસેની ઠોકરે મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે નોંધ કરી સીટીબસના ચાલક વિરુદ્ધ કાનુની તપાસનો દૌર લંબાવ્યો છે.

# ફાયર એનઓસી માટે ફટાકડાના વેપારીઓની ફાયર શાખામાં દોડધામ

- મંજુરીમાં પોલીસની કડકાઈઃ ફાયર બ્રિગેડના સર્ટીફીકેટ બાદ જ એનઓસી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ફાયર એનઓસી માટે ફટાકડાના વેપારીઓની ફાયર રાજકોટમાં ચાલુ વર્ષે નવરાત્રીના દિવસોમાં પણ ફાયર નિયમોનો કડક અમલ કરાયો છે ત્યારે ફટાકડાના ધંધાર્થીઓ માટે આકરા નિયમોની અમલવારી થવાની છે. જેનાથી ફાયર બ્રિગેડ શાખામાં ધંધાર્થીઓની અવર-જવર વધી ગઈ છે. ફટાકડાના ધંધા માટે અને હંગામી સ્ટોલ માટે પણ ફાયર એનઓસી લેવામાં આવે છે. આ વર્ષથી આ હંગામી ધંધા માટે પણ કડક નિયમો અમલમાં મુકાયા છે. જે કારણે રસ્તા ઉપર તેમજ જાહેરમાં પ્લોટમાં ફટાકડાના સ્ટોલ નહીવત જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે રસ્તા પર વેચાતા ફટાકડા અને આવા જાહેર સ્થળે સલામતી સાથે પ્રશ્ન રહે તેમ છે. જાણવા મળ્યા મુજબ શહેરમાં એકાદ હજારથી વધુ ફટાકડાના સ્ટોલને મંજુરી આપવામાં આવે છે. સદર, સામાકાંઠાથી માંડી મવડી સુધી આવા સ્ટોલ ઉભા થાય છે. પરંતુ આ વખતે નિયમોનું કડક પાલન થાય તો બહુ ઓછા સ્ટોલને એનઓસી મળે તેમ છે. નવરાત્રીની જેમ જ ફાયર બ્રિગેડના સર્ટીફીકેટ બાદ પોલીસની મંજુરી મળે તેવું બનવાનું છે. તેમાં પણ બંને ખાતાની સ્થળ તપાસ મહત્વની બનશે. માત્ર સિઝનલ નહીં પરંતુ બારે મહિના ધંધો કરતા વેપારીઓ પણ હાલ ચિંતામાં હોવાનું જાણવા મળ્યું છે.

# તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે? કહી તરૂણ પર પાડોશી બંધુનો હુમલો

## ગાડી લેવા જવાનું કહી બંધુ કારમાં તરુણને લઈ જઈ ધોલધપાટ કરી હાથ ભાંગી નાખ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર તરૂણને ગાડી લેવા જવાનું કહી પાડોશી બંધુઓ કારમાં લઈ ગયા બાદ ધોલધપાટ કરતા તરુણને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પીટલે ખસેડયો હતો. આ મામલે આજીડેમ પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા મેઈન રોડ મંગળ પાર્કમાં રહેતા જલ્પાબેન કૌશિકભાઈ ભેસાણીયા (ઉ.૩૬)એ ફરીયાદમાં તેમના પાડોસમાં રહેતા વિજયભાઈ પોકળ અને કલ્પેશભાઈ પોકળનું નામ આપતા તેમની સામે ફરીયાદ નોંધાવી છે. જલ્પાબેને ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે પુત્ર જસ્મીન (ઉ.વ.૧૭) ઘરે આવી વાત કરતા જણાવ્યું હતું કે, બપોરના સમયે પાડોસમાં રહેતા વિજય પોકળનો ફોન આવ્યો અને ગાડી લેવા જવાનું કહી દ્વારકાધીશ હોટેલ પાસે બોલાવી વિજયભાઈ અને તેના ભાઈ કલ્પેશભાઈ કાર લઈ આવત તેમાં જસ્મીન બેસી ગયો હતો અને ત્યારબાદ કોઠારીયા રોડ પર ગેરેજ પાસે લઈ જઈ વિજયભાઈએ કહ્યું કે તું મારી પત્ની સાથે કેમ વાતો કરે છે ? કહી ગાળો આપી ફડાકા ઝીંકી દીધા હતા તેમજ લાકડાના ધોકા વડે પગમાં ત્રણથી ચાર ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ તેમની પત્ની અને પાડોશીઓ ત્યાં આવી



ગયા હતા અને વિજયભાઈના પત્ની સ્વેતાબેને કહ્યું કે અમારા બન્ને વચ્ચે કાંઈ નથી.

બાદમાં પાડોસીઓ એકઠા થઈ જતા વધુ મારમાંથી છોડાવ્યો હતો અને ૧૦૮ મારફતે હોસ્પીટલે સારવાર કરાવતા હાથમાં ફેકચર હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે આજીડેમ પોલીસે તપાસ શરૂ કરી છે.

# વડોદરાના ભાયલી ગામની ગેંગરેપની ઘટનામાં પાંચ નરાધમો ઝડપાયા

## દુષ્કર્મ બાદ સગીરાનો લુંટી લીધેલો ફોન રીસીવ થતા પોલીસને મહત્વની કડી મળી

**મુખ્ય સમાચાર,વડોદરા**

વડોદરાના ભાયલી ગામની સીમમાં પોલીસના નામે રૂઆબ છાંટી સગીરા છાત્રાના બોયફ્રેન્ડને બાનમાં લઈ સગીર છાત્રા પર સામુહિક દુષ્કર્મ આચરનાર પાંચ નરાધમોને પોલીસે પકડી પાડયા છે. જેમાં ત્રણ વિધર્મી ઉત્તર પ્રદેશના છે. ગેંગરેપના આરોપીઓને પોલીસે ૪૮ કલાકમાં ઝડપી પાડયા છે. નવરાત્રિના બીજા નોરતે સગીરા પર ગેંગરેપ કરનાર સંસ્કારી નગરીના રાક્ષસોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયા છે. ૫ આરોપી પૈકી ૩ ઉત્તરપ્રદેશના વિધર્મી હોવાનું સામે આવ્યું છે. આરોપીઓને હાલ મેડિકલ ચેકઅપ માટે સયાજી હોસ્પિટલ લઈ જવાયા છે.

એક આરોપીને સ્ટ્રેચર પર લઈ જવાયો છે. કુલ ત્રણ આરોપીને મેડિકલ માટે સયાજી હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. દુષ્કર્મ આચરનાર ત્રણ આરોપી વિધર્મી આરોપીઓ લઘુમતી વસતિ ધરાવતા તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. આ વિધર્મીઓ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. તેઓ ઘણા સમયથી તાંદલજા વિસ્તારમાં રહે છે. લઘુમતી વસતિ ધરાવતો તાંદલજા વિસ્તાર ભાયલીથી અંદાજે ત્રણથી સાડા કિલોમીટરના અંતરે છે.

જિલ્લા પોલીસવડા રોહન આનંદે જણાવ્યું હતું કે, હાલ પોલીસતંત્ર દ્વારા આરોપીઓને વેરિફાઈ કરવામાં આવી રહ્યા છે. વેરિફાઈ થઈ ગયા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરોપીઓ ડ્ધડ કરવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું છે. સગીરા અને તેનો મિત્ર પશ્ચિમ વિસ્તારનાં રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની ફરિયાદ તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ હતી. ભાયલી-બીલ રોડ ઉપર જ્યાં દુષ્કર્મની ઘટના બની હતી ત્યાં નજીકમાં રોડના ડિવાઈડર ઉપર અગાઉથી ૫ યુવાન દારૂની




મહેફિલ માણતા હતા. આ ૫ યુવાને ડિવાઈડર ઉપર બેસી વાતો કરી રહેલાં સગીરા અને તેના મિત્રને જોયાં હતાં. ૫ યુવાન પૈકી ૨ યુવાનો બાઈક લઈ જતા રહ્યા હતા. વડોદરા તાલુકા પોલીસ મથકથી અઢી કિલોમીટર દૂર ભાયલી-બીલ રોડ વિસ્તારમાં નવરાત્રિના બીજા નોરતે એટલે કે ૪ ઓક્ટોબરની રાત્રે ૧૧.૩૦ વાગ્યાના સુમારે સૂમસામ અંધકારમય રોડ ઉપર ધોરણ ૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીરા અને તેનો ૧૬ વર્ષનો મિત્ર બેસવા માટે ગયાં હતાં અને રાત્રે ૧૨થી ૧ વાગ્યાના સુમારે શરમજનક જ્યારે નશામાં ચૂર ત્રણ યુવાન સગીરા અને તેના મિત્ર પાસે પહોંચી ગયા હતા અને અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન એક યુવાને સગીરાના મિત્રને પકડી રાખ્યો હતો અને બાકીના બે યુવાનો સગીરાને નજીકમાં ખેંચી જઈ દુષ્કર્મ આચર્યું હતું. પછી આ લોકો ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં પીડિતાએ પોતાની જાતને સંભાળીને મિત્ર સાથે જાણ કરતાં પોલીસે પહોંચી ઘટનાસ્થળને કોર્ડન કરી લીધું હતું. સ્થળ પરથી ઘણા બધા પુરાવા મળ્યા હતા.

# ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં જમીન માલીકની જામીન અરજી કોર્ટે ફગાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય ચકચાર જગાવનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના કેસ સેશન્સ કમિટ થયા બાદ ખેડૂત, આસિ.ફાયર ઓફિસર અને સસ્પેન્ડ બે. આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર કરેલી જામીન અરજી રદ કરતો હુકમ કર્યા બાદ ખેડૂત કિરીટસિંહ જાડેજાએ જેલ મુક્ત થવા કરવાળી જામીન અરજી કોર્ટે ફગાવી.

આ અંગેની હકીકત મુજબ શહેરના છ આવેલા ટીઆરપી ગેમઝોનમાં ગઈ તા.૨૮/૫/૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી લેવામાં આવેલ ન હોય, તંત્ર દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠ હોવાના કારણે આ દુઃખદ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવી હતી. જે તપાસમાં ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા સહિતના જવાબદાર ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિતભાઈ રાઠોડ, નીતિન મહાવીરપ્રસાદ લોઢા, ચાર આરોપીની જામીન અરજી રદ થયા બાદ વધુ એક આરોપીએ જેલ મુક્ત થવા કરી અરજી અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદિપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ




ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા આ કેસ સેશન્સ કમિટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ કરેલી જામીન અરજી કોર્ટ દ્વારા રદ કરતો હુકમ કર્યા બાદ ખેડૂત કિરીટસિંહ જાડેજાએ જામીન અરજી કરતા કોર્ટે પોલીસને સોગંદનામુ રજૂ કરવા અને ભોગ બનનારના વકીલે વાંધા રજૂ કરવા મુદત માગતા અદાલતે તા.૮ ને મંગળવારના રોજના રોજ સુનાવણી પર રાખવા આદેશ આપ્યો છે.

આ કેસમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તુષાર ગોકાણી અને એડિશનલ પી.પી. નીતેષ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ અને ડિસ્ટ્રીકટ બાર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા છે.

# હોસ્પિટલના કામે નીકળેલા વૃધ્ધનું બાઈક ડિટેઈન કરતા આક્ષેપબાજીઃ વિડિયો વાયરલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં એક તરફ માથાના દુખાવરૂપ બનેલી ટ્રાફિક સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી તો બીજી તરફ ટ્રાફિક પોલીસની ટોઈંગ શાખાની હેરાનગતિથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે આજે હોસ્પિટલના કામ માટે નીકળેલા વૃધ્ધનું પાર્કિંગમાં પાર્ક કરેલું બાઈક ટોઈંગ કરી લીધા બાદ ટોઈંગ સ્ટાફ સીપી કચેરીએ પહોંચતા વૃધ્ધએ પોતાની હૈયાવરાળ ઠાલવી બાઈક છોડાવવા માટે આજીજી કરતાં અંતે સ્ટાફે પરિસ્થતિ સમજી દંડ લીધા વિના જ બાઈક છોડી દીધું હતું પોલીસ કમિશનર કચેરી સામે બનેલા આ બનાવ અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

રાજકોટ પોલીસ કમિશનર કચેરી સામે ટોઈંગ શાખાના સ્ટાફ સાથે એક વૃધ્ધ દ્વારા બાઈક છોડાવવા માટે થતી રકજકનો



વિડીયો વાયરલ થયો છે જેમાં વૃધ્ધ એવો આક્ષેપ કરતાં નજરે પડે છે કે પોતે હોસ્પિટલના કામ સબબ નીકળ્યા હતા અને પોતે પાર્કિંગમાં જ બાઈક પાર્ક કર્યું હતું પરંતુ પોતે કામ પૂરું કરી નીચે ઉતર્યા હતા અને નીચે જોયું તો પોતાનું બાઈક જોવા મળ્યું ન હતું હાથમાં હોસ્પિટલની ફાઈલ લઈ પોતાનું વાહન શોધવા નીકળ્યા હતા પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો બાદમાં કોઈએ જણાવેલ કે અંહી ટ્રાફિક શાખાની ટોઈંગ વાન આવી હતી તે તમારું બાઈક લઈ ગયા હશે તેવું સમજી પરિચિતને બોલાવી હોસ્પિટલનું કામ પડતું મૂકી ટોઈંગ વાન શોધવા નીકળ્યા હતા અને સીપી કચેરીએ પહોંચ્યા હતા ત્યાં સ્ટાફને પણ પોતાનું બાઈક પાર્કિંગમાં જ પડયું હોવાની રજૂઆત કરી હતી પોતે હોસ્પિટલના કામમાં નીકળ્યા હોય બહુ હેરાન થાય છે બાઈક છોડી દેવા આજીજી કરી હતી તેમ છતાં નહીં માનતા ટ્રાફિક પોલીસના ઉઘરાણા અંગે રોષ ઠાલવ્યો હતો દેકારો થતાં લોકો એકઠા થઈ ગયા હતા સમય સૂચકતા સમજી સ્ટાફે બાઈક દંડ લીધા વિના જ છોડી દીધું હતું અને અંતે વૃધ્ધએ બે હાથ જોડી પોલીસ કર્મચારીનો બાઈક છોડી દેવા મુદે આભાર માન્યો હતો.

# રામધામ સોસાયટીમાં કાર પાર્ક કરવા પ્રશ્ને તબિબ પર હુમલો

- પી.ડી.એમ. કોલેજ પાસે યુવાનને અન્ય શખ્સોએ ધોકાવ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ ઉપર આવેલ રામધામ સોસાયટીમાં રહેતા તબીબ સાથે કાર પાર્કિંગ મુદ્દે પાડોશી શખ્સે ઝઘડો કરી મારમાર્યો હતો. તબીબને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવમાં આવ્યો હતો.

આ બનાવઅંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર રામધામમાં રહેતા પ્રતિક મનસુખભાઈ દોશી નામના ૪૪ વર્ષના તબીબ પોતાના ઘર પાસે હતા ત્યારે કાર પાર્ક કરવા મુદ્દે પાડોશમાં રહેતા મનસુખ ઉર્ફે મોન્ટુ નામના શખ્સે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત બીજા બનાવમાં શિવનગરમાં રહેતા યશપાલસિંહ કિશોરસિંહ ગોહિલ નામનો ૩૦ વર્ષનો યુવાન રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં પીડીએમ કોલેજ પાસે હતો ત્યારે વીસુભા સહિતના શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આશાપુરાનગરમાં ફાઈનાન્સરના મકાનમાં જુગાર રમતી સાત મહિલા ઝડપાઈ

શહેરના ભક્તિનગર વિસ્તારના આશાપુરાનગરમાં રહેતા ફાયનાન્સરે મકાનમાં જુગાર ક્લબ ચાલુ કર્યું હોવાની બાતમી મળતા ભક્તિનગર પોલીસના સ્ટાફે દરોડો પાડી સાત મહિલા સહીત આઠ શખ્સોને ઝડપી ૧૮,૨૫૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. વિગતો અનુસાર, ભક્તિનગર પોલીસના પીએસઆઈ વસાવા, પુષ્પરાજસિહ ગોહીલ અને સ્ટાફે આશાપુરાનગરમાં આવેલા ફાઈનાન્સર હરપાલસિહ જુવાનસિહ વાળાના મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો અને જુગાર રમતા શાંતુબેન જશાભાઈ હેરભા, શાન્તાબેન લક્ષ્મણભાઈ આડેસરા, નિશાબેન રામસિગભાઈ ઠકુડી, આરતીબેન શાંતિલાલ રાયચુરા, હંસાબેન શ્રીપ્રસાદ રાણા, મીનાબા પરમાર અને સવીતા ગૌસ્વામીની તેમજ મકાન માલીક હરપાલસિહ વાળાની પણ ધરપકડ કરી હતી.

# રામવન પાસે દારૂ ભરેલી કાર પલીસને રેઢી મળી

રામવનના ખુણા પાસે રાત્રીના પોલીસે રેઢી પડેલી બોલેરોમાંથી રૂ.૧.૪૦ લાખની કિંમતનો ૭૦૦ લીટર દેશીદારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે બોલેરો કાર અને દેશીદારૂ સહિત કુલ રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબજે કરી અહીં દારૂ ભરેલું વાહન રેઢું મૂકી નાસી જનાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.વિગત મુજબ આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ જે.જી.રાણા તથા તેમની ટીમ આધારે રાત્રીના અમદાવાદ હાઈવે પર આજીડેમ ચોકડી પાસે રામવનના ખૂણા પાસેથી રેઢી પડેલી બોલેરો કાર મળી આવી હતી. અંધારૂ હોવાથી બોલેરોને પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી. પોલીસ સ્ટેશન લાવ્યા બાદ બોલેરોની તલાશી લેતા તેમાંથી બાચકા મળી આવ્યા હતાં. જેમાંથી ૧.૪૦ લાખનો ૭૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે દેશી દારૂનો જથ્થો અને બોલેરો સહિત કુલ ૩.૪૦ લાખનો મુદામાલ કબજે કરી વાહન ચાલકને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# પરિણીતા પર નિર્લજ્જ હુમલો કરનાર શખ્સને દોઢ વર્ષની સજા

શહેરમાં આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી પરિણીતાના ઘરમાં ઘૂસી આબરૂ લેવાના ઈરાદે નિર્લજ્જ હુમલો કરવાના કેસમાં જેલ હવાલે રહેલા આરોપીને અદાલતે દોઢ વર્ષની કેદ અને રૂપિયા એક હજારનો દંડન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી પરિણીતા પોતાના ઘરે એકલી હતી ત્યારે મનીષકુમાર છોટેલાલ રવિ નામનો શખ્સ ઘરે આવ્યો હતો અને પરિણીતાને તેના પતિ વિશે પૂછપરછ કરી ઘરમાં પ્રવેશ કરી પરિણીતાની આબરૂ લેવાના ઈરાદે પરિણીતા ઉપર નિર્લજ્જ હુમલો કર્યો હતો. પરિણીતાએ રાડા રાડી કરતા મનીષકુમાર રવિ નાશી છુટ્યો હતો. આ અંગે પરિણીતાએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆતો બાદ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ૧૩માં એડી. ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ જે.એમ. સોલંકીએ આરોપી મનીષકુમાર છોટેલાલ રવિને તકસીરવાન ઠેરવી દોઢ વર્ષની સાદી કેદની સજા અને પિયા એક હજારનો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ ધર્મીલાબેન બી. જોષી રોકાયા હતા.

# આંબેડકરનગરમાં ભાવિ એન્જિનિયરે બિમારીની વધુ દવા પી લેતા મોત

નાનામવા રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેતા કોલેજિયન યુવાને બીમારીની વધુ પડતી દવા પી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેનું સગીરાનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ અંગે વિગત મુજબ નાનામવા રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેતા ધ્રુવ દિનેશભાઈ પરમાર નામનો ૧૭ વર્ષનો સગીર ગત તા.૨૮ના રોજ તેના ઘેર એકલો હતો તે દરમિયાન બીમારીની વધુ દવા પી લીધી હતી. સગીરને ઝેરી અસર થતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. બનાવને પગલે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ સરવૈયા સહિતે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક આત્મીય કોલેજમાં ડિપ્લોમા એન્જિનિયરિંગમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો અને કેટલાક દિવસથી ટેન્શનમાં રહેતો હોય બહારથી ઘેર આવેલા પરિવારને જાણ થતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું પરિવારે જણાવતા પોલીસે વધુ પૂછતાછ કરતા યુવકના પિતા મેટોડા ખાતે મજૂરીકામ કરતા હોવાનું જણાવતા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# શાપરમાં ગરબી પાસે બાઈકપર સ્ટંટ કરતા બે શખ્સોને કાયદાનું ભાન કરાવાયું



શાપર પોલીસ સી-ટિમ દ્વારા નવરાત્રીમાં ગરબીઓની આસપાસ દારૂ ઢીંચીને બાઈક પર સ્ટંટ કરતા બે રોમિયોને દબોચી લઇ ગુનો નોંધ્યો હતો. માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં નવરાત્રીનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા પોલીસ વડાએ એક્શન પ્લાન ઘડી કાઢી દાંડિયા આયોજનમાં શી ટીમને ખાનગી ડ્રેસમાં મેદાને ઉતારી છે.અને શેરીઓમાં યોજાતી ગરબીમાં ચેકીંગ કરવા તેમજ તમામ પોલીસ મથકોને પેટ્રોલિગ કરવા સૂચના આપી છે ત્યારે શાપર પોલીસના પીઆઈ આર.બી.રાણાના માર્ગદર્શન હેઠળ સી ટીમ દ્વારા ગત રાત્રીના સઘન ચેકીંગ કરી મારુતિ નગર વિસ્તારમાં આવેલી સર્વોદય સોસાયટીમાં દારૂ ઢીંચીને બાઈક પર સ્ટંટ કરતાં બે રોમિયોને દબોચી લઇ તેમની સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# ઘાંચીવાડમાં કાપડના વેપારીના ઘરમાં ચાલતી જુગાર કલબ પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

## વેપારીના ઘરમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસ દરોડા પાડી ૧૦ની ધરપકડ કરીઃ ૭૪ હજારની રોકડ સહિત ૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ઘાંચીવાડમાં કાપડના વેપારીએ પોતાના ઘરમાં શરૂ કરેલ જુગાર ક્લબ ઉપર ક્રાઈમ બ્રાંચની ટીમ ત્રાંટકી હતી અને જૂગાર રમતા કાપડના વેપારી જમીન મકાનના ધંધાર્થી, ભંગારના વેપારી અને રિક્ષા ડ્રાઈવર સહિત ૧૦ની ધરપકડ કરી રૂા. ૭૪ હજારની રોકડ સહિત રૂા. ૧.૩૦લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મળતી વિગતો મુજબ શહેરના ઘાંચીવાડ શેરી નં. ૫ના ખુણે રહેતા અને કાપડનો વેપાર કરતા અબ્દુલઅજીમ મહમદહનીફ ચીચોદરા પોતાના ઘરે જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલિયા તથા પી.આઈ. મનોજ ડામોરની સૂચનાથી ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડયો હતો. જેમાં જુગાર રમતો અબ્દુલઅજીમ મહમદહનીફ ચીચોદરા સાથે જમીન મકાન લે-વેચનું કામ કરતો ઘાંટીવાડ શેરી નં. ૬ માં રહેતો ફાસ્ક ઝુમા ડેલા, કલર કામ કરતો મહમદ હુસેન આમદભાઈ કરગથરા, ઘાચીવાડ શેરી નં. ૨માં રહેતો મજુરી કામ કરતો શોએબ યુસુફ મોટલાણી, નવી ઘાંચીવાડ શેરી નં. ૧માં રહેતો અને ગેરેજમાં નોકરી કરતો આફતાબ આમદભાઈ અગવાન, ઘાચીવાડ ૭ માં રહેતો મહેમુદ વલીભાઈ અમરેલિયા, ભંગારનો ડેલો ચલાવતો અને ઘાચીવાડ શેરી નં. ૬માં રહેતો મહમદ નઈમ દાઉદભાઈ કુલાણી,



રિક્ષા ડ્રાઈવીંગ કરતો અને ઘાંચીવાડ ૧માં રહેતો રિક્ષા ડ્રાઈવીંગ કરતો ઈમરાન ઈકબાલ મકવાણા, રિક્ષા ડ્રાઈવીંગ કરતો અને નવી ઘાંચીવાડ ૮માં રહેતો જાવેદ ઈબ્રાહીમ મેતર, ગુલમહોમદ વલીભાઈ મોદી રિક્ષાડ્રાઈવરની ધરપકડ કરી રૂા. ૭૪,૯૦૦ની રોકડ સહિત રૂા. ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.